73216/12

ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ વિસનગર, જિ.મહેસાણા
સંચાલિત વિકલાંક રોજગાર કેન્દ્રને વિના ટેન્ડરે ખરીદી માટે
માન્યતા આપવા બાબત

ગુજરાત સરકાર,
ઉધોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-ખરદ-૧૪૦૭-૪૭-ચ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૦૧-૦૨-૨૦૧૨.

I & M Deptt.
IWDMS (Registry)
Br./Officer
COMP. SR.No.........

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) ઉધોગ અને ખાણ વિભાગનો ઠરાવક્રમાંકઃ-એસપીઓ-૧૦૮૬-૧૨૨૯-ચ, તા.૭-૫-૧૯૮૮.

(૨) ઉધોગ અને ખાણ વિભાગનો ઠરાવક્રમાંકઃ-એસપીઓ-૧૦૯૫૨૬૩૬(૯૭)-ચ તા.૨૩-૦૯-૧૯૯૭.

(૩) ઉધોગ અને ખાણ વિભાગનો ઠરાવક્રમાંકઃ- ખરદ-૧૪૦૭-૪૭-ચ,-ચ તા.૬-૮-૨૦૦૭

(૪) ઉધોગ કમિશ્નરશ્રીનો પત્ર ક્રમાંકઃ-એસપી/વિનાટેન્ડરે-૦૯-૧૦/૪૮/૩૧૫૪૨૬ તા.૧૦-૨-૨૦૧૦.

ઠરાવઃ-

ઉધોગ અને ખાણ વિભાગના આમુખના ક્રમાંક (૧) ના તા.૭-૫-૮૮ ના ઠરાવથી અંધ અપંગ અને શારીરિક ખોડ ખાંપણ ધરાવતા લોકોની બનેલી સંસ્થાઓમાં ઉત્પન્ન થયેલ વસ્તુઓ વગર ટેન્ડરે ખરીદ થઇ શકે તે માટે માન્યતા આપવાનું ઠરાવવામાં આવેલ છે.

ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ વિસનગર જિ મહેસાણા. સંચાલિત વિકલાંક રોજગાર કેન્દ્ર દ્વારા ઓફીસ ફાઇલ, પ્રીન્ટીંગનું કામ, બાઇન્ડીંગનું કામ , ખુરસી ગુંથણીનું કામ તથા રીપેરીંગકામ , કાથી લુછણીયા, સિવણ ઉધોગ તથા લેધર કામ,સુથારીકામ લુહારીકામ ફર્નીચર ઉત્પાદન તથા રીપેરેંગ કામ,રજીસ્ટરો/નોટબુક/ઉત્તરવહી બનાવવી,કેનવાસ તથા કાપડી,પુંઠા બનાવવા, મીઠાઇ બોક્ષ તથા પેકીંગ બોક્ષ વગેરે વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવે છે. આ સંસ્થાને, વિભાગના તા.૭-૫-૮૮ ના ઠરાવ અંતર્ગત આમુખ ક્રમાંક (૩) ના ૬-૮-૨૦૦૭ ના ઠરાવથી ઠરાવની તારીખથી બે વર્ષ માટે વિના ટેન્ડરે ખરીદી માટે માન્યતા આપવામાં આવેલ હતી. આ મુદત પુરી થતાં આમુખ ક્રમાંક (૪) ના ઉધોગ કમિશ્નરશ્રીના પત્રથી સદરહુ સંસ્થાને આપવામાં આવેલ વિના ટેન્ડરે ખરીદી માટે માન્યતા લંબાવી આપવા દરખાસ્ત કરી હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠ રા વઃ-</u>

પુખ્ત વિચારણાને અંતે ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ વિસનગર જિ મહેસાણા. સંચાલિત વિકલાંક રોજગાર કેન્દ્ર ને નીચે જણાવેલ શરતોને આધીન વગર ટેન્ડરે ખરીદી માટેની માન્યતા આપવામાં આવે છે.

-- ૨ -

(૧) આ માન્યતા પ્રથમ તબક્કે ઠરાવ રવાના થયાની તારીખથી બે વર્ષ માટે આપવામાં આવે છે.

(૨) સંસ્થા પોતે ઉત્પાદન કરતી હોય તે વસ્તુઓ પુરતો જ આ લાભ મળવાપાત્ર થશે.

(૩) સંદર્ભમાં ક્રમાંક (૧) ની સામે દર્શાવેલ તા.૭-૫-૮૮ ની જોગવાઇઓનું આ સંસ્થાએ સંપૂર્ણ પાલન કરવાનું રહેશે.

(૪) આ સંસ્થા દ્વારા સરકારી કચેરીઓને જે માલ-સામાન પુરો પાડવામાં આવે તે અંગેનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા પ્રમાણિત કરેલું પ્રમાણપત્ર સંસ્થાએ દર વર્ષે સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૫) સંસ્થાનો ઓડીટ વર્ગ-અ હોય તો જ સંસ્થાને આ હુકમો હેઠળ લાભ મળવાપાત્ર થશે.

(૬) આ સંસ્થાને આ ઠરાવથી આપવામાં આવતી માન્યતા આ વિભાગના તા.૨૩-૯-૧૯૯૭ ના ઠરાવ ક્રમાંકઃ- એસપીઓ /૧૦૯૫/૨૬૩૬(૯૭)/ચ ની કેટેગરી-૨ હેઠળ ગણાશે અને તે કેટેગરી માટે નિયત થયેલ નાણાકિય મર્યાદા અને તે માટેની ખરીદ પધ્ધતિની જોગવાઇ અનુસાર કરવાની રહેશે

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાંકીય સલાહકારશ્રીની તા૧૮-૦૧-૨૦૧૨ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( પી.એચ.જગતાપ )
ઉપસચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ.
સચિવાલય, ગાંધીનગર.

પ્રતિ,

- માન. રા.ક.મંત્રીશ્રી,(ઉદ્યોગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- સંયુક્ત ઉદ્યોગ કમિશ્નરશ્રી (સ.ખ.) ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજસુરક્ષા ખાતું, ગુજરાત રાજય, બ્લોકનં.-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (ઉ.ખા.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર. [જે તે વિભાગે તેમના હસ્તકના ખાતાના વડાઓ/બોર્ડ/ નિગમોને પરિપત્રિત કરવાની વિનંતી સહ.... ]
- ઉદ્યોગ અને ખાણ વિભાગની સર્વે શાખાઓ./ખાતાના વડા/બોર્ડ/નિગમો.
- ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ વિકલાંક રોજગાર કેન્દ્ર,પ્લોટનં-૯ દગાલા જવાહર સોસાયટી સામે બી.કે સિનેમા રોડ વિસનગર જિ મહેસાણા.
- કલેકટરશ્રી, મહેસાણા.- જીલ્લા વિકાસ અધિકારીશ્રી, મહેસાણા.
- જનરલ મેનેજરશ્રી, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મહેસાણા..
- કોમ્પ્યુટરસેલ ઉદ્યોગ અને ખાણ વિભાગ –વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ